અપીલ અરજી નં.૧૭૩ તા.૧૯–૯–૦૮

અરજદારઃ શ્રી ડૉ.બાબુલાલ એમ. શાહ
સામાવાળાઃ (૧)ડે.કમિશ્નર (પ અનેઈ)અને જાહેર માહિતી અધિકારી ,મહેકમ
(૨)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન
(૩)સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડૉ.બાબુલાલ એમ. શાહ ની તા.૮–૮–૦૮ ની અરજીથી ડે.કમિશ્નરશ્રી ઝાલાની નિમણુંક તથા ઝોનલ ચીફની લાયકાત અંગેની માહિતી, નાનાવરાછાના ડ્રેનેજલાઈનની ટેન્ડરની માહિતી, વરાછા ઝોનમા રાત્રી સફાઈ તથા તાપી દર્શન વિ–ર અને ખાડી પરના બાંધકામોની વિ.મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૩/૨૦૦૮–૦૯

શ્રી ડૉ.બાબુલાલ એમ. શાહ ની તા.૮–૮–૦૮ ની અરજીથી ડે.કમિશ્નરશ્રી ઝાલાની નિમણુંક તથા ઝોનલ ચીફની લાયકાત અંગેની માહિતી, નાનાવરાછાના ડ્રેનેજલાઈનની ટેન્ડરની માહિતી, વરાછા ઝોનમા રાત્રી સફાઈ તથા તાપી દર્શન વિ–ર અને ખાડી પરના બાંધકામોની વિ.મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.ર,૪,તથા ૭ ની માહિતી અંગે કોઈ પત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી તેમજ નં.૧ અને ૩ અંગે પૂરી માહિતી નહીં મળવાના કારણસર જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (પઅનેઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૪૭ તા.૨૬–૮–૦૮થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૮ર તા.૨૪–૯–૦૮ થી ડે.કમિશ્નર (પ અનેઈ)અને જાહેર માહિતી અધિકારી ,મહેકમ અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) ના પ૦ નં.જીએડી/ઈએસટી/૨પ૮૬ તા.૩૦–૯–૦૮ થી તથા મ્યુ.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.આરટીઆઈ/સેક્ર ેટરી/આ.નં.૨પ૬ તા.૩–૧૦–૦૮ થી માહિતી પૂરી પાડેલ તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારે મૂળ અજીમાં ડે.કમિશ્નરશ્રી ઝાલાની નિમણુંક તથા ઝોનલ ચીફની લાયકાત અંગેની માહિતી, નાનાવરાછાના ડ્રેનેજલાઈનની ટેન્ડરની માહિતી, વરાછા ઝોનમા રાત્રી સફાઈ તથા તાપી દર્શન વિ–ર અને ખાડી પરના બાંધકામોની વિ.મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગવામાં આવેલ.જેમાં મુદ્દા નં.ર,૪અને ૭ ની માહિતી આપેલ ન હોવાનું જણાવેલ છે. જે મુદ્દા નં.ર,૪ અને ૭ ના ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને સ્પશતા હોય તેઓ તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાતું નથી. જયારે મુદ્દા નં.૧ અને ૩ ના અનુસંધાને ડે.કમિશ્નર (પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૪૭ તા.૨૬–૮–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે મુજબ ડે.કમિશ્નરશ્રી ઝાલાની હાલની શૈક્ષણિક લાયકાતની માહિતી અરજદારને આપેલ છે. પરંતુ તેઓ નોકરીમાં દાખલ થયા તેની માહિતી અપાયેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૩ અંગે ઝોનલ અ?ફિસરની જગ્યા અસ્તિત્વમાં નહીં હોવાનું જણાવેલ છે. જેથી તે અંગે માહિતી આપવાનો પશ્ન રહે નહીં. જયારે મ્યુ.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ બાબતે ઠરાવની નકલ માંગવામાં આવેલ. જેના અનુસંધાને સદર ઠરાવની નકલ રેકડ વિભાગમાંથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેથી તે અંગે કોઈ વિવાદ રહેતો નથી.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૩ અંગે મુળ અરજીથી અલાયદી માહિતી માંગેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૮–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૭ પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ થી ૭ પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.ર,૪ અને ૭ માહિતી તેમજ મુદ્દા નં.૧ અંગે ડે.કમિશ્નરશ્રી ઝાલાનું નોકરીમાં દાખલ થયા સમયના કવોલીફીકેશનની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અનુક્રમે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તેમજ ડે.કમિશ્નર (પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને જણાવવામાં આવે છે. મુળ અરજીથી અલાયદી માહિતી અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસારી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી, મહેકમ અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન / સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે
(૨)શ્રી બાબુભાઈ એમ. શાહ,